વડોદરાની સયાજી હોસ્પિટલની નબળી વ્યવસ્થાની પોલ ખૂલી

ટોકન સિસ્ટમને કારણે સયાજી હોસ્પિટલમાં દર્દીઓને ભારે હાલાકી

એક જ મશીન અને ડિસ્પ્લેના લીધે દર્દીઓ કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા, તા.230

વડોદરા મધ્ય ગુજરાતની સૌથી મોટી અને અતિ વ્યસ્ત એવી વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દર્દીઓની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી નવી 'ટોકન સિસ્ટમ' હાલ દર્દીઓ માટે રાહતના બદલે માથાના દુખાવા સમાન સાબિત થઈ રહી છે. હોસ્પિટલમાં દર્દીઓને લાંબી લાંબી લાઈનોમાંથી મુક્તિ અપાવવા અને વ્યવસ્થિત રીતે સારવાર મળી રહે તે હેતુથી આ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી હતી, પરંતુ વહીવટી ખામીઓના કારણે આ 'સોલ્યુશન' જ દર્દીઓ માટે એક મોટો 'પ્રોબ્લેમ' બની ગયું છે. અહેવાલો અને દર્દીઓની રાય મુજબ, ટોકન સિસ્ટમ તો લાગુ કરી દેવામાં આવી છે પરંતુ તે માટેનું ટોકન આપતું મશીન માત્ર એક જ છે અને ટોકન નંબર દર્શાવતી ડિસ્પ્લે સ્ક્રીન પણ એક જ છે. વળી, હવે સામાન્ય ઓપીડી બાદ સિક્કા કરાવવા માટે પણ આ જ ટોકન સિસ્ટમ ફરજિયાત બનાવવામાં આવતા હોસ્પિટલ પરિસરમાં અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. ઓપીડીની બહાર બાળકો, મહિલાઓ, દિવ્યાંગો અને સિનિયર સિટીઝનોની લાંબી કતારો લાગી રહી છે. હોસ્પિટલમાં આવતા દર્દીઓની વેદના વર્ણવતા સામાજિક કાર્યકર દિનેશભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, દર્દીઓએ અહીં ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. દર્દીએ પહેલાં ટોકન મેળવવા માટે લાઈનમાં ઊભું રહેવું પડે છે, ત્યારબાદ કેસ કઢાવવા માટે લાઈન અને અંતે ડૉક્ટરને બતાવવા માટે ફરીથી લાઈનમાં ઊભા રહેવું પડે છે. આમ દર્દીઓએ ત્રણ-ત્રણ જગ્યાએ કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું પડે છે. સવારથી જ લાઈનમાં ઊભેલા એક સિનિયર સિટીઝનએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમે સવારના ૦૯:૦૦ વાગ્યાના આવ્યા છીએ અને કલાકો વીતી જવા છતાં અમારો નંબર આવ્યો નથી. અહીં સિનિયર સિટીઝન માટે કોઈ અલગ વિશેષ સુવિધા કે અલગ બારી નથી. યુવાનોથી લઈને વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ સૌ કોઈએ એક જ સામાન્ય લાઈનમાં ઊભા રહેવું પડે છે. હોસ્પિટલની ઓપીડી બપોરે ૧૨:૦૦ વાગ્યે બંધ થઈ જાય છે. વડોદરા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી દૂર-દૂરથી આવતા દર્દીઓ કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ જો સમય મર્યાદાના કારણે ડૉક્ટરને ન બતાવી શકે, તો તેઓને નિરાશ થઈને પરત ફરવું પડે છે. સ્થાનિક લોકો અને સામાજિક અગ્રણીઓ દ્વારા હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ તથા સત્તાવાળાઓને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે કે, આ ગંભીર પરિસ્થિતિ અંગે સ્થળ તપાસ કરવામાં આવે. ગુજરાત સરકાર દ્વારા આરોગ્ય પાછળ કરોડો રૂપિયા ફાળવવામાં આવતા હોવા છતાં ગ્રાઉન્ડ લેવલે સુવિધાઓ અપૂરતી સાબિત થઈ રહી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાશે 72મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

નર્મદા જિલ્લાના વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર-2024નો ભવ્ય સમારોહ તા. 22 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાનાર છે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના 70 વર્ષથી વધુના ઈતિહાસમાં પ્રથમ વખત દિલ્હીની બહાર આ પ્રતિષ્ઠિત સમારોહનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે, જે ગુજરાત અને નર્મદા જિલ્લા માટે વિશેષ ગૌરવની ક્ષણ બની રહેશે. ભારતીય સિનેમા જગતમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓને સન્માનિત કરતા આ રાષ્ટ્રીય સમારોહમાં કુલ 92 પુરસ્કાર વિજેતાઓને સન્માનિત કરવામાં આવશે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના હસ્તે આશરે 75 મિનિટના ભવ્ય સમારોહમાં પુરસ્કારો એનાયત કરવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાના આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી બસ-બે એરિયા ખાતે જર્મન એલ્યુમિનિયમ સ્ટ્રક્ચરલ ડોમ તૈયાર કરવામાં આવશે.

વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ક્રેઝ વધ્યો

'NaMo4Viksit Bharat' કાર્યક્રમ માટે એક કલાકમાં 6,000થી વધુ પાસ બુક થયા

પ્રથમ વખત ખાનગી પ્લેટફોર્મ મારફતે સરકારી કાર્યક્રમ માટે ડિજિટલ પ્રી-બુકિંગ થયું, ક્યુઆર કોડ આધારિત પ્રવેશ માટે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરામાં યોજાનારા 'NaMo4Viksit Bharat' કાર્યક્રમને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. બુકમાયશો મારફતે રજિસ્ટ્રેશન શરૂ થયાના એક કલાકની અંદર 6,000થી વધુ પાસ બુક થઈ ગયા હતા. ઉપલબ્ધ તમામ પાસ બુક થઈ ગયા બાદ રજિસ્ટ્રેશન પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી હતી, જ્યારે આશરે 15,000 અન્ય અરજદારોને વેઈટિંગ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ખાતે 8 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમને સંબોધશે. કાર્યક્રમમાં અદ્યતન ટેક્નોલોજી આધારિત ડિજિટલ રજિસ્ટ્રેશન અને પ્રવેશ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવશે. આ પહેલની વિશેષતા એ પણ છે કે પ્રથમ વખત કોઈ સરકારી કાર્યક્રમ માટે ખાનગી ડિજિટલ પ્લેટફોર્મ મારફતે મફત પ્રી-બુકિંગની સુવિધા આપવામાં આવી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે બુકમાયશો પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ માટેની સમગ્ર રજિસ્ટ્રેશન પ્રક્રિયા તેમજ સ્થળ પર પ્રવેશની વ્યવસ્થા ડિજિટલ રીતે કરવામાં આવી રહી છે. પાત્ર ઠરનારા સહભાગીઓને ઈમેલ અને મોબાઈલ મારફતે ખાસ રજિસ્ટ્રેશન લિંક આપવામાં આવી હતી. ત્યારબાદ તેમણે પોતાનું નામ, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ અને સરકાર દ્વારા જારી કરવામાં આવેલ ઓળખપત્રની વિગતો આપીને ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી હતી. વિગતો આપ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવશે અને રજિસ્ટર્ડ સહભાગીઓને તેમના બુકમાયશો એકાઉન્ટ મારફતે ડિજિટલ એમ-ટિકિટ મળશે. આ એમ-ટિકિટમાં સુરક્ષિત અને લાઈવ ક્યુઆર કોડ હશે, જેનો ઉપયોગ કાર્યક્રમ સ્થળે પ્રવેશ સમયે ચકાસણી માટે કરવામાં આવશે. કાર્યક્રમ માટે કોઈ પણ પ્રકારની ફિઝિકલ ટિકિટ આપવામાં આવશે નહીં. સહભાગીઓએ પોતાની એમ-ટિકિટ સાથે સરકાર દ્વારા જારી કરવામાં આવેલ માન્ય ફોટો ઓળખપત્ર રજૂ કરવું પડશે. ક્યુઆર કોડની ચકાસણી અને સુરક્ષા તપાસ બાદ જ પ્રવેશ આપવામાં આવશે. આ વ્યવસ્થાનો હેતુ ચકાસણીની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો તેમજ કાર્યક્રમ સ્થળે સહભાગીઓની અવરજવર સહજ રીતે થઈ શકે તે સુનિશ્ચિત કરવાનો છે.

શાળાઓમાં શિક્ષણ કાર્ય સુચારુ રાખવા શિક્ષકોની બદલી પ્રક્રિયા હાથ ધરાઈ

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મુખ્ય કચેરીએ વધઘટ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મુખ્ય કચેરી ખાતે શિક્ષકોના વધઘટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નિયામક પ્રાથમિક શિક્ષણની સૂચના અનુસાર યોજાયેલા આ કેમ્પમાં શાળાઓમાં શિક્ષણકાર્ય વધુ સુચારુ રીતે ચલાવવા માટે શિક્ષકોની બદલી અને ગોઠવણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ખાતે આયોજિત કેમ્પના અધ્યક્ષ અંજનાબેન ઠક્કર, નગર શિક્ષણ સમિતિના સભ્યો, શિક્ષક સંઘના બંને પ્રતિનિધિઓ, શાળા નિરીક્ષકો અને સમગ્ર વહીવટી ટીમની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કેમ્પ દરમિયાન પારદર્શક રીતે શિક્ષકોની વધઘટની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ધોરણ 1 થી 5 માં કુલ 12 શિક્ષકો અને ધોરણ 6 થી 8 માં 1 શિક્ષક એમ કુલ 13 શિક્ષકો વધમાં છે.

જે શાળાઓમાં શિક્ષકોની ઘટ છે અને જગ્યાઓ ખાલી છે, ત્યાં આ વધના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવશે, જેથી શાળાઓમાં શિક્ષકોની અછત દૂર થઈ શકે. શાષણાધિકારી વિપુલ ભરતીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણ સમિતિ દ્વારા એ બાબતની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે કે વડોદરા શહેરની એક પણ પ્રાથમિક શાળામાં એક પણ વર્ગ શિક્ષક વિનાનો ન રહે. જ્યાં વર્ગમાં શિક્ષકની જગ્યા ખાલી હશે ત્યાં ઉચ્ચક શિક્ષકની વ્યવસ્થા કરીને બાળકોનું શિક્ષણ કાર્ય બગડે નહીં તે મુજબનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

નેત્રદાન જાગૃતિ સપ્તાહ :ગોત્રી હોસ્પિટલનો પ્રેરણાદાયી અભિગમ

નેત્રદાનનો સંદેશ, ચક્ષુદાન - મહાદાનના નારાથી ગુંજ્યું પરિસર

આંખના આકારની આકર્ષક રંગોળી બનાવીને દર્દીઓ અને પરિજનોને કરાયા જાગૃત

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

નેત્રદાન જાગૃતિ સપ્તાહની ભવ્ય ઉજવણીના ભાગરૂપે આજે ગોત્રી હોસ્પિટલ પરિસરમાં જાગૃતિલક્ષી વિવિધ આકર્ષક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત હોસ્પિટલ ખાતે એક વિશેષ રંગોળી સ્પર્ધા યોજાઈ હતી, જેમાં સહભાગીઓએ આંખના સુંદર આકારની રંગોળીઓ બનાવીને નેત્રદાનનો સંદેશો જન-જન સુધી પહોંચાડ્યો હતો અને ઉપસ્થિત સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન ડૉક્ટરો દ્વારા હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને તેમના પરિવારજનો સાથે સીધો સંવાદ સાધીને મૃત્યુ બાદ નેત્રદાન અને રક્તદાનના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અંગદાન જાગૃતતા વધારવાના ઉદ્દેશ્યથી હોસ્પિટલ પરિસરમાં એક વિશાળ જાગૃતિ રેલી પણ કાઢવામાં આવી હતી, જેમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ગોત્રી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. અનુપ ચંદાણી, આર.એમ.ઓ. ડૉ. પ્રવિણા પટેલ તથા આંખ વિભાગના વડા ડૉ. અશ્વિની રાપરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન મોદીની ૮ સપ્ટેમ્બરની વડોદરા મુલાકાત

વડોદરા મહાનગર પાલિકાએ સમગ્ર શહેરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસ અગાઉ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા સમગ્ર શહેરમાં વ્યાપક સ્વચ્છતા અને પર્યાવરણ અભિયાન શરૂ કરાયું હતું. આ અભિયાનમાં હજારો સ્થાનિક રહીશો, સફાઈકર્મીઓ, સરકારી અધિકારીઓ, નેતાઓ ઉપરાંત વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 8મી સપ્ટેમ્બરે વડોદરાની મુલાકાતે આવવાના છે, જ્યાં તેઓ ગુજરાતમાં રૂ. 35,200 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત, તેઓ શહેરમાં યોજાનારા 'નમો 4 વિકસિત ભારત' કાર્યક્રમને પણ સંબોધિત કરશે. વડાપ્રધાનની મુલાકાત માટે ગુજરાત સરકારના વિશેષ 'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાન હેઠળ આ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં જાહેર સ્થળો, તળાવો, બગીચાઓ, આરોગ્ય અને બાળ સંભાળ કેન્દ્રો, ઐતિહાસિક વારસાગત સ્થળો તથા જળાશયો અને શહેરના અન્ય સ્થળોની સ્વચ્છતા અને જાળવણી પર વિશેષ ભાર મુકાયો છે. 1 થી 4 સપ્ટેમ્બર દરમિયાન ચાલેલા આ અભિયાનમાં સમગ્ર શહેરમાંથી લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. 1 સપ્ટેમ્બરે કમલાનગર તળાવ અને તેની આસપાસના વિસ્તારોમાં યોજાયેલી સફાઈ ઝુંબેશમાં 16,000થી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો, જ્યારે શહેરના 19 વોર્ડમાં 24,000થી વધુ લોકો સફાઈની કામગીરીમાં જોડાયા હતાં. આ કામગીરી માટે મિકેનિકલ સ્વીપર્સ, સેલ્ફ-પ્રોપેલ્ડ સ્વીપિંગ મશીનો, ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતા વાહનો, ઈ-વેહિકલ્સ, જેસીબી અને ડમ્પર્સ સહિત આશરે 300 જેટલા મશીનો અને વાહનો તૈનાત કરવામાં આવ્યા હતાં. પર્યાવરણીય જાગૃતિ અભિયાનના ભાગરૂપે વૃક્ષારોપણ અને છોડ વિતરણની પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી હતી.

ગુજરાતી સમુદાયને વૈશ્વિક સ્તરે જોડવાનો પ્રયાસ

વડોદરાના નિલેશ શુક્લાનું અમેરિકામાં ગૌરવપૂર્ણ સન્માન

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરાના જાણીતા ઉદ્યોગસાહસિક અને સમાજસેવી નિલેશ શુક્લાને ન્યૂ જર્સીના એડિસન ટાઉનશિપના મેયર કાર્યાલય દ્વારા મેયરલ પ્રોક્લેમેશન એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા. સામાજિક સેવા, નેતૃત્વ, ઉદ્યોગસાહસિકતા અને ભાવિ પેઢીઓ માટે તકો ઊભી કરવાના તેમના યોગદાનની નોંધ લઈ આ સન્માન આપવામાં આવ્યું. મેયર સમિપ જોશી દ્વારા જારી કરાયેલું પ્રોક્લેમેશન કાઉન્સિલ મેમ્બર બિરલ પટેલે અર્પણ કર્યું હતું. તેમાં નિલેશ શુક્લાની 'Giving Back to Society'ની ભાવના, MSMEs માટે તકો ઊભી કરવા, આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવા અને વિવિધ સામાજિક-શૈક્ષણિક પહેલોમાં આપેલા યોગદાનની પ્રશંસા કરવામાં આવી. *Unified Growth Foundation (UGF)*ના સ્થાપક-નિર્દેશક અને India SME Forumના ગુજરાત ચેપ્ટર સાથે સંકળાયેલા નિલેશ શુક્લાએ શિક્ષણ, યુવા વિકાસ, સામાજિક કલ્યાણ અને સમુદાય વિકાસ ક્ષેત્રે પણ સક્રિય કામગીરી કરી છે. ભારતીય અને ખાસ કરીને ગુજરાતી સમુદાયને વૈશ્વિક સ્તરે જોડવાના તેમના પ્રયાસોને પણ પ્રોક્લેમેશનમાં બિરદાવવામાં આવ્યા.

જ્ઞાનરૂપી માખણનો સંદેશ

અટલાદરા બ્રહ્માકુમારી કેન્દ્રમાં કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

બ્રહ્માકુમારી અટલાદરા સેવાકેન્દ્ર ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંગીત સંધ્યા, શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનું આધ્યાત્મિક રહસ્ય, સાંસ્કૃતિક નૃત્ય, મટકી ફોડ તથા ગરબા-રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.કે. ડૉ. અરુણા દીદીએ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનું આધ્યાત્મિક મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, શ્રીકૃષ્ણનું આગમન દિવ્ય ગુણો અને શક્તિઓના આગમનનું પ્રતીક છે. દેવતાઈ જીવન માટે દેહરૂપી મટકી ફોડી જ્ઞાનરૂપી માખણ ગ્રહણ કરવું જરૂરી છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષણમાં મૂલ્યો, કર્મયોગ તથા મન, વાણી અને કર્મની શુદ્ધતાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.બી.કે. હંસા બહેને આધ્યાત્મિક ભજનો અને ગીતોની સુંદર રજૂઆત કરી હતી. બાળ કૃષ્ણ દ્વારા મટકી ફોડ બાદ ગરબા-રાસ યોજાયો હતો. આ પ્રસંગે '૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહાઅભિયાન' અંતર્ગત બી.કે. પૂનમ બહેને ઉપસ્થિત મહેમાનો અને શ્રોતાઓને નશામુક્તિની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

50 મીટર રાઇફલની વિવિધ સ્પર્ધા યોજાઇ

વડોદરાના અભિષેકસિંહ ગોહિલે ગોવામાં શૂટિંગમાં 3 મેડલ જીત્યા

ઉત્કૃષ્ટ ખેલાડીઓને સૌએ અભિનંદન પાઠવ્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

ગોવા ખાતે યોજાઈ રહેલી 13મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા-2025માં વડોદરા રાઈફલ ક્લબના રમતવીર અભિષેકસિંહ ગોહિલે શાનદાર પ્રદર્શન કરી કુલ ત્રણ ચંદ્રકો મેળવ્યા છે. અભિષેકસિંહ ગોહિલે 50 મીટર રાઈફલ 3 પોઝિશન્સ મેન કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. આ ઉપરાંત 50 મીટર રાઈફલ 3 પોઝિશન્સ જુનિયર મેન કેટેગરીમાં પણ સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો. જ્યારે 50 મીટર પ્રોન જુનિયર મેન કેટેગરીમાં તેમણે કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. આમ, અભિષેકસિંહે સ્પર્ધામાં બે સુવર્ણ અને એક કાંસ્ય સહિત કુલ ત્રણ મેડલ જીતી વડોદરા તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. અભિષેકસિંહ ગોહિલની આ સિદ્ધિ બદલ વડોદરા રાઈફલ ક્લબ તરફથી તેમને હાર્દિક અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

અવિસ્મરણીય અને ગૌરવપૂર્ણ ક્ષણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આત્મીય સૌજન્ય મુલાકાત

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મુખ્યમંત્રી કાર્યાલયમાં આત્મીય સૌજન્ય મુલાકાત કરવાનો પરમ અવસર પ્રાપ્ત થયો.આ પ્રસંગે માંજલપુર કબીર સમાધિ મંદિરના પરમ પ્રીતમદાસજી, અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાતના ઉપાધ્યક્ષ મહંત ઉગમદાસજી - વસ્ત્રાલ, અમદાવાદ, મહંત મહાવીરદાસજી - ગત્રાલ, અમદાવાદ, પરમ માણેકલાલ દાસજી - ઉત્કંઠેશ્વર મયૂરદાસજી - વાઘોડિયા, મહંત નંદકિશોરદાસજી - બોડેલી, માંજલપુર વિધાનસભાના ધારાસભ્ય સતીશભાઈ પટેલ તથા જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ અને એડવોકેટ દીપકભાઈ પ્રવિણભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌ મહંતઓએ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને શાલ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત અત્યંત આત્મીય, સ્નેહસભર અને હૃદયસ્પર્શી રહી. આ પાવન મુલાકાત અવિસ્મરણીય અને ગૌરવપૂર્ણ ક્ષણ બની રહી હતી.

ભારતમાં ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરથી બદલાઈ રહ્યું છે માલ પરિવહનનું ચિત્ર

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

(DFC) કાર્યરત થવાથી ભારતમાં માલ પરિવહન વ્યવસ્થામાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. મુખ્ય ઔદ્યોગિક, ઉત્પાદન અને લોજિસ્ટિક્સ કેન્દ્રો વચ્ચે ઝડપી, વધુ ક્ષમતાવાળી અને વિશ્વસનીય રેલ કનેક્ટિવિટી મળી રહી છે. હાલના DFC નેટવર્કમાં ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (EDFC) અને *વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC)*નો સમાવેશ થાય છે.

બંનેની કુલ લંબાઈ આશરે 2,843 કિમી છે. EDFC 1,337 કિમી લાંબો છે અને ન્યૂ સહનેવાલથી ન્યૂ સોનનગર સુધી, જ્યારે WDFC 1,506 કિમી લાંબો છે અને ન્યૂ દાદરીથી ન્યૂ JNPT સુધી વિસ્તરેલો છે. આ ઉપરાંત, કેન્દ્રીય બજેટમાં ત્રીજા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરની જાહેરાત કરવામાં આવી છે. તે પશ્ચિમ બંગાળના દાનકુનીને ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર મારફતે ગુજરાત સાથે જોડશે. DFCની સૌથી મોટી વિશેષતાઓમાં ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનોનો સમાવેશ થાય છે. તેનાથી માલ વહન ક્ષમતા વધવા સાથે લાંબા અંતરના રેલ પરિવહનની કાર્યક્ષમતા પણ સુધરી રહી છે. સમર્પિત કોરિડોરને કારણે માલગાડીઓની ઝડપ વધવા ઉપરાંત પરંપરાગત રેલ નેટવર્ક પરનો માલવાહક ટ્રાફિકનો ભાર ઘટી રહ્યો છે. પરિણામે પેસેન્જર ટ્રેનો માટે વધારાની ક્ષમતા ઉપલબ્ધ થઈ રહી છે.

શ્રાવણના છેલ્લા સોમવારે 500 કાવડિયાઓ દ્વારા નવનાથ મહાદેવનો અભિષેક

સવારે 7 વાગ્યે સિદ્ધનાથ મહાદેવથી યાત્રાનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

શ્રાવણ માસના અંતિમ સોમવારે નવનાથ મહાદેવ કાવડ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વિજયજી મહારાજની આગેવાનીમાં યોજાનારી આ કાવડ યાત્રામાં 500 કાવડિયાઓ 27 જેટલી પવિત્ર નદીઓના જળથી નવનાથ મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુવાનોને નશામુક્તિના સંદેશ સાથે વ્યસનમુક્ત જીવન તરફ પ્રેરિત કરવાનો સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યા હતા.

શિક્ષણ અને સંસ્કારના દીપ પ્રગટાવનાર

આજીવન શિક્ષક શંકરલાલ ત્રિવેદીનું શિક્ષક દિને સન્માન

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

શિક્ષક દિનના પાવન અવસરે શિક્ષણક્ષેત્રે વર્ષોથી જ્ઞાન, સંસ્કાર અને જીવનમૂલ્યોનું સિંચન કરી અનેક વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરનાર શિવમ વિદ્યાલય તથા અર્પણ વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટી અને આજીવન શિક્ષક શંકરલાલ ત્રિવેદીનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ તથા એડવોકેટ દીપકભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ભારત વિકાસ પરિષદના રવિભાઈ નાયરભાઈ, સિનિયર સિટિઝન એસોસિએશનના સભ્ય દીપકભાઈ પંચાલ, શાળાના આચાર્ય મુકેશભાઈ પટેલ તથા અર્પણ વિદ્યાલયના પૂર્વ આચાર્ય વિજયભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ દીપકભાઈ અમીને જણાવ્યું હતું કે, "શિક્ષક માત્ર પાઠ ભણાવનાર નથી, પરંતુ પેઢીઓના ભવિષ્યનું નિર્માણ કરનાર રાષ્ટ્રઘડવૈયો છે." તેમણે ભારતના મહાન શિક્ષણવિદ્ તથા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનજી, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામજી તથા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને સ્મરણ કરી તેમના જ્ઞાન, શિક્ષણ અને રાષ્ટ્રનિર્માણના યોગદાનને નમન કર્યું હતું.

બે વર્ષથી ઘર અને ભાડાથી વંચિત સંજયનગરના લાભાર્થીઓને હાલાકી

વડોદરામાં સંજયનગર આવાસ યોજનાના લાભાર્થીઓની કલેક્ટરને રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

શહેરના સંજયનગર પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી પરિવારો છેલ્લા બે વર્ષથી પોતાના હકના આવાસ અને નિયત ભાડાની રકમ મેળવવા માટે દર-દર ભટકી રહ્યા છે. આવાસ યોજનાનું કામ સમયસર પૂર્ણ ન થવાને કારણે ગરીબ પરિવારો ભાડે મકાનમાં રહેવા મજબૂર બન્યા છે. પરંતુ દુઃખદ બાબત એ છે કે છેલ્લા બે વર્ષથી લાભાર્થીઓને નિયત સમયસર ભાડું પણ મળી રહ્યું નથી, જેના કારણે તેમના રોજિંદા જીવનનિર્વાહ સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે.

તંત્રના લાંબાં આશ્વાસનો છતાં કોઈ નક્કર પરિણામ ન આવતાં લાભાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્તમાન સમયમાં મોંઘવારી ચરમસીમાએ પહોંચી છે. છેલ્લા બે વર્ષ દરમિયાન જીવનજરૂરી ચીજવસ્તુઓ, અનાજ અને અન્ય ખર્